# યુટર્ન - રખડતાં ઢોર નિયંત્રણ કાયદો પાછો ખેંચવા સક્રિય વિચારણા

## બજેટ સત્રના અંતિમ દિવસે રાતે અઢી વાગ્યે પસાર કરાયેલો કાયદો સી.આર.પાટીલના સૂચન બાદ પરત ખેંચાશે : રાજ્યભરમાં માલધારી સમાજના વિરોધને પગલે પીછેહટ

ગાંધીનગર, તા. ૦૪

રાજ્યની મહાનગરપાલિકાઓના શહેરી વિસ્તારમાં રખડતાં ઢોરની સમસ્યા પર નિયંત્રણ લાદવા સરકારે મોટા ઉપાડે પશુપાલકો માટે લાયસન્સ લેવું ફરજિયાત કરતો કાયદો બજેટ સત્રના અંતિમ દિવસે મોડી રાત્રે પસાર કર્યો હતો. જોકે આ કાયદો પાસ થતાંની સાથે જ રાજ્યમાંથી માલધારીઓનો આક્રોશ ફાટી નિકળતાં સરકારે પીછેહટ કરવી પડી રહી છે. હજુ તો તા.૩૧મી માર્ચના રોજ પસાર કરવામાં આવેલા કાયદા અંગે માત્ર પાંચ જ દિવસમાં આજે તા.૪થી એપ્રિલે ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલે સરકારને ફેરવિચારણાં કરવા સલાહ આપતાં જ રાજ્ય સરકારે આ કાયદો પરત લેવાની તજવીજ હાથ ધરવી પડી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી વિધાનસભાની ચુંટણીઓમાં ૧૫૦ બેઠકોનો લક્ષ્યાંક પાર પાડવા અત્યારે ભાજપ કોઈ સમાજને નારાજ કરવાના મુડમાં નથી.

ગાંધીનગર-અમદાવાદ સહિત મહાનગરોમાં શહેરી વિસ્તારમાં રખડતા ઢોરનો ત્રાસ અસહ્ય બની ચૂક્યો છે જેને નિયંત્રિત કરવા રાજ્ય સરકારે બજેટ સત્રના છેલ્લાં દિવસે બહુમતીના જોરે રખડતા ઢોર નિયંત્રણ કાયદો પસાર કર્યો હતો. આ કયદા અનુસાર પશુ પાલકોએ શહેરી વિસ્તારમાં ઢોર રાખવા માટે લાયસન્સ લેવું ફરજિયાત કરવામાં આવ્યું હતું અને કસુરવારો માટે આકરા દંડની જોગવાઈ કરવામાં આવી હતી. આ ઉપરાંત એફઆઈઆર પણ નોંધવાની જોગવાઈ કરવામાં આવી હતી. જો કે, રાજ્યભરમાં આ કાયદાના વિરોધમાં માલધારી સમાજ રસ્તા ઉપર ઉતરી આવ્યો હતો અને ઠેર ઠેર વિરોધ શરૂ થયો હતો. માલધારી સમાજ દ્વારા સરકાર આ કાયદો પરત ખેંચે તેવી માગણી કરવામાં આવી હતી. કાયદો પસાર થાય તે પહેલાં જ ગાંધીનગર માલધારી હિતરક્ષક સમિતિના એકસાથે ૩૧ યુવા અગ્રણી માલધારીઓ દ્વારા જિલ્લા કલેકટર સમક્ષ ઈચ્છામૃત્યુની માંગ કરીને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. આજે પણ ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે ગુજરાત માલધારી મહાપંચાયત દ્વારા વિરોધ પ્રદર્શન કરવા સાથે કાયદો પરત ખેંચવા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ મામલે સતત વધી રહેલાં વિરોધને પગલે ભાજપ પ્રદેશ પ્રમુખે પણ કબુલ કરવું પડ્યું હતું કે "મને પણ રજૂઆતો મળી છે અને ઘણા પશુપાલકો તેમજ માલધારી સમાજના અગ્રણીઓ અને ધાર્મિક આગેવાનો મળવા આવ્યાં હતા અને આ કાયદો પાછો ખેંચવા માગણી કરી હતી. મેં આજે મુખ્યમંત્રીને વડોદરા જતા પહેલાં વાત કરી હતી અને આ કાયદા મામલે ફેરવિચારણા કરવા માટે રજૂઆત કરી હતી". સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર સી.આર.પાટીલની આ ટીપ્પણી પછી રાજ્ય સરકારે આ કાયદો પરત ખેંચવા મન બનાવી લીધું છે અને તે અંગેની પ્રક્રિયા પણ હાથ ધરવા માંડી છે. આમ રખડતાં ઢોર નિયંત્રણ કાયદા અંગે મલધારીઓના રોષ બાદ સરકારને પણ પીછેહઠ કરવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.



ઉનાળામાં ખોરાક અને પાણીની જરૂરીયાત વધતી જાય છે. ખાસ કરીને ખુલ્લામાં રખડતા જંગલી પ્રાણીઓ અને ઘરેલુ પ્રાણીઓ ઉનાળાની કાળઝાળ ગરમીમાં પાણી માટે ઠેર ઠેર ભટકતા નજરે ચઢી જાય છે. ઉનાળો ખુબ તપી રહ્યો છે ત્યારે શહેરમાં નીલગાય અને ગાય બંને એક સાથે ખોરાક-પાણી માટે રખડતા નજરે ચઢે છે.

# બોર્ડની પરીક્ષાના મધ્યસ્થ મૂલ્યાંકનનો બહિષ્કાર કરવા શૈક્ષણિક સંઘનો આદેશ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિએ આજે એક આદેશ જારી કરી માર્ચ-એપ્રિલ-૨૦૨૨ દરમ્યાન લેવાયેલ એસએસસી અને એચએસસી પરીક્ષાના મધ્યસ્થ મૂલ્યાંકન કામગીરીનો બહિષ્કાર કરવા જણાવ્યુ છે.

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા શિક્ષકોના પડતર પ્રશ્નો અંગે વારંવાર રજુઆત કરવા છતાં આજદિન સુધી એક પણ પ્રશ્નનો ઉકેલ આવેલ નથી. તેથી શૈક્ષણિક સંઘ સંકલન સમિતિએ આજે ના છૂટકે આ નિર્ણય લીધો છે.

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સમિતિના તમામ સંચાલક મંડળ, આચાર્ય સંઘ, માધ્યમિક શિક્ષક સંઘ, વહીવટીય કર્મચારી સંઘ તેમજ તમામ શિક્ષક કર્મચારીઓને આ આદેશ આજે જારી કરવામાં આવ્યો છે.

હાલ રાજયમાં બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે અને શૈક્ષણિક સંઘ સંકલન સમિતિએ આ આદેશ જારી કરતાં જ શિક્ષણ વિભાગ પણ ચોંકી ઉઠ્યું છે.

આ આદેશ પર પ્રમુખ, મહામંત્રી, બે ઉપાધ્યક્ષ, ઉપપ્રમુખ, અધ્યક્ષ, કોષાધ્યક્ષના હસ્તાક્ષર છે.

શૈક્ષણિક સંઘ સંકલન સમિતિએ આજે આ આકરો નિર્ણય કર્યો છે. આ નિર્ણયને પગલે પરીક્ષાના પરિણામો પણ મોડા પડશે અને નવા શૈક્ષણિક સત્રમાં પ્રવેશની કામગીરીમાં પણ વિલંબ થવાનો ભય ઉભો થયો છે.

# કચરાના નિકાલ માટે સાઈટ પસંદ કરવા ગુડાને જવાબદારી સોંપાઈ

## સ્વચ્છતાના મામલે ગાંધીનગર પાછળ કચરાના આખરી નિકાલ માટે લેન્ડફીલનો પણ અભાવ : અત્યાર સુધી કોર્પોરેશનને સાઇટ મળી નથી : સાઇટની પસંદગી અંગે પણ વારંવાર વિરોધ ઉઠવા પામ્યો હતો

ગાંધીનગર તા ૪

કચરાના આખરી નિકાલ માટે સાઈટ નક્કી કરવા માટે હવે ગુડાને જવાબદારી સોંપવામાં આવી છે. સરકારના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના નિયમ મુજબ શહેરી વિકાસ સત્તા મંડળના અને પંચાયતો તેમજ નગરપાલિકાની હદમાંથી કચરો ઉપાડી નિયત જગ્યાએ લઈ જવા માટેની કામગીરી મહાનગરપાલિકાની છે. ત્યારે હવે કચરાને લેન્ડફીલ સાઈટ સુધી લઈ જવા તેમજ સાઈટ પસંદ કરવાની જવાબદારી ગુડાને સોંપવામાં આવી છે. આ ઉપરાંત કચરાની આ સાઈટની જાળવણી પણ ગુડાએ કરવાની રહેશે. એક દાયકા બાદ પણ કોર્પોરેશનને કચરાના નિકાલ માટેની યોગ્ય સાઈટ મળી નથી ત્યારે આ મામલે અનેકવાર વિરોધ પણ ઉઠવા પામ્યો છે.

ગાંધીનગર સફાઈના મામલે પણ હાંસિયામાં ધકેલાઈ ગયુ છે. જયારે આ માટે કચરાના નિકાલ માટે યોગ્ય લેન્ડફીલનો પણ અભાવ જવાબદાર છે. જયારે મહાનગરપાલિકા ફરતેના પાંચ કિલોમીટરના વિસ્તારમાં પણ શહેરી વિસ્તાર જેવી સફાઈ વ્યવસ્થા ગોઠવવા માટે આયોજન કરાયુ છે. જયારે આ અન્વયે કચરાના નિકાલની યોગ્ય સાઈટ નક્કી કરવાની જવાબદારી શહેરી વિકાસ સત્તા મંડળને સોંપવામાં આવી છે. આ સાઈટની પસંદગી તેમજ તેની યોગ્ય જાળવણી પણ ગુડાએ કરવાની રહેશે. સફાઈ માટે જિલ્લા તેમજ રાજય કક્ષાની સમિતિની પણ રચના કરી દેવામાં આવી છે. જેમાં ઠરાવમાં જણાંવ્યા મુજબ ભારત સરકારના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ મુજબ શહેરી વિકાસ સત્તા મંડળમાંથી ગ્રામ પંચાયત અને નગરપાલિકાએ જ પ્રત્યેક ઘરેથી કચરો ઉપાડવાની કામગીરી કરવાની રહેશે. જયારે કચરાને નિયત જગ્યાએ પણ પહોંચાડવાનો છે. જયારે આ ઠેકાણેથી કચરો ઉપાડી લેન્ડફીલ સાઈટ પર લઈ જવા માટે ટેન્ડર પ્રક્રીયાના આધારે એજન્સી નિયત કરવાની હોય છે. જયારે લેન્ડફીલ સાઈટ તેમજ તેની જાળવણી જવાબદારી ગુડાને

● અનુસંધાન પાન-૭ પર

# રાજસ્થાનની પરત આવેલી કુડાસણની મહિલાનો રિપોર્ટ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. શહેરમાં સમાવિષ્ટ કુડાસણ ગામે એક ૩૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં ૪ દિવસ બાદ કોરોનાનો કેસ નોંધાયો છે. શહેરમાં હજુ પણ છુટા છવાયા કેસો મળી રહ્યા છે. જો કે તંત્રએ સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું જણાવ્યુ છે. શહેરમાં એક્ટીવ કેસ હાલ પાંચ છે. તંત્રએ શહેરી વિસ્તારમાં સર્વેલન્સની કામગીરીને વધુ સઘન બનાવી છે. જે પૈકી ત્રણ દર્દી સારવાર હેઠળ છે.

# આજે જિલ્લા ભાજપ કાર્યકર્તાઓનું સંમેલન

## મુખ્યમંત્રી-પ્રદેશ પ્રમુખ વર્ચ્યુઅલી સંમેલનમાં જોડાશે

ગાંધીનગર, તા. ૪

આજે ગાંધીનગર જિલ્લા ભાજપના સક્રિય કાર્યકર્તાઓનું સંમેલન સાંજે ૪.૩૦ વાગે ચિલોડા એસ.પી. રિસોર્ટ ખાતે યોજવામાં આવ્યું છે.

આ સક્રિય કાર્યકર્તા સંમેલનમાં રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ વર્ચ્યુઅલી જોડાશે. આ સંમેલનમાં જિલ્લાના પ્રભારી હર્ષદભાઈ પટેલ, પંકજભાઈ ચૌધરી, જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહેનાર છે.

માસના આગામી દિવસોમાં યોજાનાર પક્ષના કાર્યક્રમોના આયોજન તેમજ અન્ય બાબતો જેવી કે પેજ સમિતિ, મેરા બુથ સબસે મજબુત બુથ કેવી રીતે બનાવી શકાય તેની સમજ આપવામાં આવશે.

જિલ્લા ભાજપના પ્રમુખ અનિલભાઈ પટેલની વરણી બાદ જિલ્લાના કાર્યકર્તાઓનું પ્રથમવાર આ સંમેલન મળી રહ્યુ છે. તેમાં જિલ્લાની રાજકીય સ્થિતિની પણ સર્વગ્રાહી સમીક્ષા થનાર છે.

# આકરા ઉનાળે પાણીની પોકાર ઉઠતા ધોળાકુવાની મહિલાઓ આગ બબુલી બની

## ધોળાકુવાની રામવસાહતમાં છેલ્લા ઘણાં દિવસોથી ફોર્સથી પાણી આવતુ નથી : નવી લાઇન નાંખવા માટે પણ રજુઆત : પાટનગર યોજના ભવનની કચેરીએ આક્રોશપુર્વક રજુઆત કરી

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં આકરા ઉનાળે સેકટરોમાં ફોર્સથી પાણી ન



આવતુ હોવાની પોકાર વારંવાર ઉઠવા પામે છે. જયારે શહેરી વિસ્તારના ગામોમાં પણ કેટલાક વાસ કે વિસ્તારમાં પણ પાણીનો પ્રશ્ન પેચીદો બન્યો છે. આજે ધોળાકુવાની મહીલાઓએ એકત્રિત થઈ ગામની રામ વસાહતમાં પાણી ન આવતુ હોવાનો રોષ તંત્રની કચેરીએ વ્યકત કર્યો હતો જયારે આ મામલે પાણીની નવી લાઈન નાંખવા માટે પણ રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગરમાં એકબાજુ ગરમી પ્રકોપ વધતો જાય છે. ત્યારે બીજીતરફ વધતી ગરમીની સાથે શહેરમાં પાણીનો વપરાશ પણ વધ્યો છે. શહેરમાં પાણીની જરૂરિયાતને સંતોષવા માટે પ્રતિદિન અંદાજિત ૬૫ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે શિયાળાની ઠંડીના દિવસોના અંતે ગરમી શરૂ થતા જ શહેરમાં પાણી સપ્લાય પણ વધારી દેવામાં આવે છે. હાલ શહેરમાં સેકટરોના બોર તેમજ નર્મદા આધારિત પાણી પુરવઠાનુ વિતરણ કરવામાં આવી રહ્યુ છે. એકબાજુ શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પાઈપલાઈનનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. ત્યારે પ્રતિ વર્ષ ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં સેકટરોમાં પણ પાણીની પોકાર ઉઠતી રહે છે. ત્યારે શહેર આસપાસ અલબત્ત શહેરી વિસ્તારના ગામોમાં પણ પાણીનો સપ્લાય ઓછો આવતો હોવાનો રોષ ગ્રામજનો ઉઠાવી રહ્યા છે. શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ માળખાગત સુવિધાઓ હજુ પુર્ણ રૂપે ઉપલબ્ધ ન હોવાનો આક્રોશ પ્રબળ છે. જયારે હાલ ગરમી વધતા પાણી પણ પુરતા ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ ઉઠવા પામ્યો છે. ગાંધીનગરના ધોળાકુવા ગામમાં

● અનુસંધાન પાન-૭ પર

# ધો -૧૦માં વિજ્ઞાનનુ પેપર સરળ છતા વિદ્યાર્થીઓ માટે લેન્ધી પુરવાર થયુ

## જિલ્લામાંથી ૬૫૦ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા : પેપરમાં બે ભૌતિક વિજ્ઞાનના દાખલા તેમજ ૯ આકૃતિવાળા સવાલો પુછાયા : હોંશિયાર વિદ્યાર્થીઓ સારો સ્કોર કરી શકે તેવી આશા : કિશોરસિંહ રાજપુત

ગાંધીનગર તા ૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૦ માં જિલ્લામાંથી ૨૪૮૯૮ વિદ્યાર્થીઓએ વિજ્ઞાન વિષયની પરીક્ષા આપી હતી. જયારે ૬૫૦ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. વિજ્ઞાનનુ પેપર પાઠયપુસ્તક આધારિત અને પ્રમાણમાં સરળ રહ્યુ હતુ છતા વિદ્યાર્થીઓને લેન્ધી લાગ્યુ હતુ પેપરમાં ૯ સવાલો આકૃતિવાળા પુછાયા હતા.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૦ ની પરીક્ષા અન્વયે આજે વિદ્યાર્થીઓએ ગણિત વિષયની પરીક્ષા આપી હતી. જેમાં જિલ્લામાંથી કુલ ૨૪૮૯૮ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા જયારે નોંધાયેલા કુલ ૨૫૪૯૮ વિદ્યાર્થીઓ પૈકી ૬૫૦ ગેરહાજર રહ્યા હતા. ધો -૧૦ના વિદ્યાર્થીઓ માટે ગણિતના બે પેપરોની જેમ વિજ્ઞાનનુ પેપર પણ એકંદરે સરળ રહ્યુ હતુ. આ અંગે કિશોર ઈન્સ્ટીટયુટના વિષય નિષ્ણાંત કિશોરસિંહ રાજપુતે જણાંવ્યુ હતુ કે વિજ્ઞાનનુ પેપર પાઠયપુસ્તક આધારિત અને પ્રમાણમાં સરળ રહ્યુ હતુ. પ્રશ્નપત્રમાં ૨ ભૌતિક વિજ્ઞાનના દાખલા પુછાયા હતા જયારે ૯ આકૃતિવાળા પ્રશ્નોનો પણ સમાવેશ કરાયો હતો. જેના લીધે વિદ્યાર્થીઓ માટે પેપર પ્રમાણમાં લેન્ધી પુરવાર થયુ હતુ. વિભાગ એ માં ૧૨ વિકલ્પવાળા પ્રશ્નો ૬ ખરા ખોટા, ૬ ટુંકા પ્રશ્નો પુછાયા હતા જેના લીધે વિદ્યાર્થીઓ મુંઝાયા હતા.

# ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સરળ એમસીક્યુ, દાખલા પણ સરળ

## વિદ્યાર્થીઓ ફાવી ગયા : એક એમ સી ક્યુના બે જવાબ આવતા હોવાની લાગણી સાથે બન્ને જવાબ સાચા આપવા માટે પ્રબળ માંગ : ગણિતનુ પેપર એકંદરે સરળ અને પુસ્તક આધારિત : પ્રતિક પંડયા

ગાંધીનગર તા ૪

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ચાર દિવસની રજાના અંતે વિદ્યાર્થીઓએ ગણિત વિષયની પરીક્ષા આપી હતી. ગણિતનુ પેપર એકંદરે સરળ અને પાઠયપુસ્તક આધારિત હતુ સરળ એમ સી ક્યુ અને સરળ દાખલા સાથે જનરલ ઓપ્શન સાથે પસંદગી પણ મળી હતી જેના લીધે વિદ્યાર્થીઓએ હળવાશ અનુભવી હતી જો કે એક એમ સી ક્યુના પ્રશ્નના બે જવાબ આવતા હોવાથી પરીક્ષાર્થીઓ મુંઝાયા હતા. જિલ્લામાંથી ૧૬૦૨ વિદ્યાર્થીઓએ ગણિતની પરીક્ષા આપી હતી જયારે ૨૦ ની હાજરી ઘટી હતી.

શિક્ષણ બોર્ડ દ્વારા હાલ ધો -૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે બોર્ડ પરીક્ષા લેવામાં આવી રહી છે. જયારે ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર અને જીવ વિજ્ઞાનની મહત્વની કસોટી બાદ આજે વિદ્યાર્થીઓએ ગણિતની પરીક્ષા આપી હતી. જિલ્લામાંથી નોંધાયેલા કુલ ૧૬૦૨ વિદ્યાર્થીઓ પૈકી ૧૫૮૨ વિદ્યાર્થીઓ ગણિતની પરીક્ષામાં હાજર રહ્યા હતા જયારે ૨૦ પરીક્ષાર્થીઓની હાજરી ઘટી હતી. ચાર દિવસની રજા બાદ આજે ગણિતનુ પેપર વિદ્યાર્થીઓ માટે સરળ રહ્યુ હતુ આ અંગે કિશોર ઈન્સ્ટીટ્યુટના વિષય નિષ્ણાંત પ્રણવ પંડયાએ જણાંવ્યુ હતુ કે પાઠયપુસ્તક આધારિત ૫૦ એમ સી ક્યુ પુછવામાં આવ્યા હતા. જે સરળ અને સમયમાર્યાદામાં પુર્ણ થઈ જાય તેવા હતા. જયારે વિભાગ બી માં ૫૦ ગુણના દાખલા પુછવામાં આવ્યા હતા. જેમાં જનરલ ઓપ્શનના લીધે વિદ્યાર્થીઓને દાખલો પસંદ કરવાની છુટ પણ મળી હતી. જયારે એમ સી કયુમાં પ્રશ્ન નં-૨૩માં સવાલના બે જવાબો સાચા આવતા હોવાથી પરીક્ષાર્થીઓ મુંઝાયા હતા જયારે બન્ને જવાબ સાચા આપવામાં આવે તેવી લાગણી પણ વિદ્યાર્થીઓમાં પ્રબળ બની હતી. જયારે વાલીઓ આ મામલે શિક્ષણ બોર્ડને રજુઆત પણ કરશે તેવો મત પણ વિદ્યાર્થીઓએ પરીક્ષા કેન્દ્રો બહાર વ્યકત કર્યો છે. ગણિતના સરળ પેપરના અંતે વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર જોવા મળી હતી. જયારે હવે

● અનુસંધાન પાન-૭ પર

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. પુષ્પાબેન બાબુભાઈ પરમાર
સ્વ. તા. ૫/૪/૨૦૨૧ (ગામ : બોરીજ)
સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે ક્યાં ખબર હતી.
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના....
ૐ શાંતિ
લી.
સ્વ. બાબુભાઈ મંગળભાઈ પરમાર (પતિ)
ચેતના (પુત્રી) નિરવ (પુત્ર)
ટ્વિંકલ (પુત્રી) સમીરકુમાર (જમાઈ)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com